કોર્પો. પાંડવનો વિરોધ અને વિપક્ષના ધરણાંએ તંત્રને ઝુકાવ્યું

# સુમન હાઈસ્કૂલની સ્થળ ફેરની દરખાસ્ત પર બ્રેક

**આપના** કાર્યકરોએ મોટી સંખ્યામાં મનપા કચેરીએ ઘેરાવ કર્યો, સ્થાયી સમિતિમાં જગ્યા બદલવાની દરખાસ્ત મુલતવી રહેતાં રાજન પટેલનો આભાર માન્યો

**સ્થાયી** સમિતિની મંજૂરી વગર નવી જગ્યાએ બાંધકામ કેમ ચાલુ થયું એ મુદ્દે તપાસના આદેશ

સુરત : મહાનગર પાલિકામાં વોર્ડ નં.૭ની સુમન હાઈસ્કૂલ મુદ્દે શરૂઆતથી જ ભાજપના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવનો વિરોધ અને વિપક્ષ દ્વારા આખી રાત ધરણાં કરવાને કારણે સ્થાયી સમિતીએ આ સ્કૂલના સ્થળ ફેરફારની દરખાસ્ત પર બ્રેક મારી દીધી છે.

ધારાસભ્ય મોરડિયા દ્વારા સૂચિત નવા લોકેશન પર ઈજારદાર દ્વારા બાંધકામ શરૂ થતાં વિપક્ષ આક્રમક બન્યો હતો. વિપક્ષી નેતા પાયલ સાકરિયા સહિતના સભ્યોએ મેયર અને મનપા કમિશનરને રજૂઆત કરી હતી. બાદ સ્થાયી સમિતિ સમક્ષ સ્થળ ફેરફારની દરખાસ્ત આવતાં જ વિપક્ષે સ્પષ્ટ ચીમકી આપી હતી કે, દરખાસ્ત નામંજૂર ન થાય ત્યાં સુધી ધરણાં ચાલુ રહેશે. આ ચીમકી મુજબ ગત સાંજથી વોર્ડ નં.૭ના વિપક્ષી કોર્પોરેટર કિશોર રૂપારેલિયા અને દીપ્તિબેન સાકરિયા સ્થાયી સમિતિ અધ્યક્ષની ઓફિસ બહાર આખી રાત પ્રતીકાત્મક ધરણાં પર બેઠા રહ્યા હતા. જ્યારે સિક્યુરિટી દ્વારા કાઢી મુકવાને કારણે આપના કાર્યકરોએ આખી રાત મનપા કચેરી બહાર ધરણાં કર્યા હતા. શુક્રવારે સવારે સ્થાયી સમિતિની બેઠકમાં દરખાસ્ત મુલતવી રાખવાનો અને નવા લોકેશન પર ચાલી રહેલું બાંધકામ તાત્કાલિક અટકાવવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો.

જેથી ધરણા પર બેઠેલા બંને કોર્પોરેટર અને કાર્યકરો સ્થાયી સમિતિ મીટિંગ હોલ બહાર પ્લેકાર્ડ સાથે પહોંચ્યા અને અધ્યક્ષનો આભાર માન્યો હતો. જો કે, સ્થાયી સમિતિ અધ્યક્ષે સ્પષ્ટતા કરી છે કે બજેટમાં આ શાળાનું આયોજન ભાજપના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ અને જ્યોતિબેન પટેલની રજૂઆતથી થયું છે અને તમામ સ્થાનિક આગેવાનો સાથે ચર્ચા બાદ જ શાળાના લોકેશન અંગે અંતિમ નિર્ણય લેવામાં આવશે.

સ્થાયી સમિતિએ નવા સૂચિત લોકેશન પર ચાલી રહેલા શાળા ભવનના બાંધકામને તાત્કાલિક અસરથી અટકાવવાનો આદેશ તંત્રને આપવામાં આવ્યો છે. તેમજ સ્થાયી સમિતિ અધ્યક્ષ રાજન પટેલે આ મામલે કડક નોંધ લઈ મનપા કમિશનરને તાત્કાલિક તપાસના આદેશ આપ્યા છે.

### ઊલટી ગંગા: સ્કૂલ મુદ્દે લડી રહેલા કોર્પોરેટર સાથે વોર્ડ સંગઠન મેયર ચેમ્બરમાં જ બાખડી પડ્યા

સૂમન હાઇસ્કૂલ બનાવવાની દરખાસ્ત સ્થાયી સમિતિની બેઠકમાં મુલતવી રાખવામાં આવતાં ભાજપ સંગઠનમાં ભારે અસંતોષ ફાટી નીકળ્યો હતો. આ નિર્ણય સામે વોર્ડ નંબર-7ના ભાજપ સંગઠનના વોર્ડ પ્રમુખ સહિતના હોદ્દેદારો સીધા મેયર દક્ષેશ માવાણીની ચેમ્બરમાં પહોંચી ગયા હતા અને શાળા ટી.પી.50ની જગ્યા પર જ બનાવવા માટે ઉગ્ર રજૂઆત કરી હતી. કાર્યકરોએ પરેશ પટેલ સમય નહીં આપતા હોવાની નારાજગી વ્યક્ત કરી હતી. તો નરેન્દ્ર પાંડવે વિનોદ મોરડિયા સ્કૂલની જગ્યા બદલવા માટે કોની રજૂઆત છે તે જાહેર નહીં કરતાં હોવાની વાત કરી હતી. આ દરમિયાન કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ મેયર ચેમ્બરમાં પહોંચતાં જ મામલો ગરમાયો હતો. વોર્ડ સંગઠનના હોદ્દેદારો અને કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ વચ્ચે ભારે બોલાચાલી બાદ ધનાધની જેવી સ્થિતિ સર્જાઈ હતી. બંને પક્ષ એટલા ઉગ્ર બન્યા હતા કે ચર્ચા પ્રજા પાસે મત માંગવાની હદ સુધી પહોંચી ગઈ હતી. આ ધાંધલ-ધમાલ દરમિયાન સંગઠનના કાર્યકરો અને હોદ્દેદારોએ આક્ષેપ કર્યો હતો કે, કોર્પોરેટર નરેન્દ્ર પાંડવે જગ્યા બદલવા મુદ્દે વિરોધ કર્યો ત્યારે વોર્ડ પ્રમુખને પૂછ્યું નહોતું. પાંડવે પણ રોકડું પરખાવ્યું હતું કે, ધારાસભ્યએ સ્કૂલની જગ્યા બદલવા પત્ર લખ્યો ત્યારે મને પૂછ્યું નહોતું. જગ્યા બદલવાની તરફેણ કરી રહેલા વોર્ડ પ્રમુખ અને મહામંત્રીને પૂછ્યું હતું કે, આ જગ્યાએ સ્કૂલ બનાવવા રજૂઆત કરી તેમાં તમે પણ સહી કરી હતી જ ને? રાજકીય ઇશારે મેયરને રજૂઆત કરવા આવેલા વોર્ડ સંગઠનના હોદ્દેદારોને કોર્પોરેટર નરેન્દ્ર પાંડવે સ્પષ્ટ શબ્દોમાં કહી દીધું હતું કે, મને દબાવવાની કોશિશ ન કરવામાં આવે.

### 15થી વધુ સોસાયટીના આગેવાનોએ લોકેશન નહીં બદલવા માંગ ઉઠાવી

સ્થાયી સમિતિ ચેરમેન રાજન પટેલે જણાવ્યું હતું કે, વોર્ડ નં.૭માં સમાવિષ્ટ ૧૫ જેટલી સોસાયટીના આગેવાનો અને ૨૦૦થી વધુ સ્થાનિકોએ મુખ્યમંત્રી સહિત મનપાના પદાધિકારીઓને રજૂઆત કરી શાળાનું લોકેશન ન બદલવાની માંગ ઉઠાવી છે. મહત્ત્વની વાત એ છે કે, આ શાળા સ્થાનિક ભાજપના કોર્પોરેટર નરેન્દ્ર પાંડવ અને જ્યોતિ પટેલની રજૂઆતથી જ બજેટમાં સામેલ કરવામાં આવી હતી.

# GBC ઈલેક્શન: સમાધાન વિના સુરતનો કોઈ જીતશે નહીં

**સુરતમાંથી** 20થી વધુ ઉમેદવારો હોવાથી વકીલોના મતોમાં મોટું વિભાજન થશે

**જ્યારે** ગ્રામ્ય વિસ્તારની એકતા ગામડાંના ઉમેદવારોને લાભદાયી થવાની સંભાવના

સુરતઃ ગુજરાત બાર કાઉન્સિલની આવનારી ચૂંટણીને લઈ સુરત સહિત સમગ્ર રાજ્યમાં વકીલોમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો છે. સુરત જિલ્લા વકીલ મંડળના સભ્યો પૈકી ૨૦થી વધુ સભ્યોએ દાવેદારી નોંધાવવા માટે પ્રચાર પણ શરૂ કરી દીધો છે.

આગામી તા. ૬થી માર્ચ ૨૦૨૬ના રોજ બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ૨૩ બેઠકોની ચૂંટણી થશે, જેમાંથી પાંચ મહિલાઓની બેઠકો રહેશે. બાર કાઉન્સિલ ઓફ ગુજરાતની ચુંટણી લડવા માટે સુરતનાં વકીલો થનગની રહ્યા છે. આ વધતી દાવેદારીને કારણે સુરતના વકીલોમાં જ ચર્ચા શરૂ થઈ છે કે ક્યાંક આ સ્પર્ધા સુરતને જ ભારે ન પડી જાય. આ વકીલ હઠને કારણે ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણીમાં સુરતનાં પ્રતિનિધિત્વનો 'એકડો' નીકળી જવાનો ખતરો છે. આ સ્થિતિને માત્ર સ્પર્ધા તરીકે નહીં પરંતુ રણનીતિની નિષ્ફળતા તરીકે જોવાની જરૂર છે. જો સુરતના ઈચ્છુક ઉમેદવારો વચ્ચે સહમતિ ન બને અને મર્યાદિત સંખ્યામાં મજબૂત ઉમેદવારોને ટેકો ન મળે તો અન્ય જિલ્લાઓના સંગઠિત ઉમેદવારો ફાયદો ઉઠાવી શકે છે.

### વકીલમંડળે સ્ટ્રેટેજી બનાવવી પડશે: એડ્વોકેટ વિનય શુક્લ

એકડા-બગડાની રમતમાં ગણતરી બગડી ન જાય એ માટે સ્ટ્રેટેજી વકીલ મંડળ અને મતદારોએ નક્કી કરવી પડશે.સુરતમાંથી ઉભા રહેનાર ઉમેદવારોમાં પસંદગીનો ક્રમાંક જાળવી રાખવામાં આવે તો સુરતમાંથી ત્રણથી ચાર ઉમેદવાર જીતી શકે છે.

### સુરતને લગતા પ્રશ્નો રજૂ કરે તેવાને જ આગળ કરવા જોઈએ: એડ્વોકેટ નિમેષ દલાલ

માત્ર નામનાં મેળવવા માટે ઉમેદવારી નોંધાવવી જોઈએ નહીં, ગુજરાત બાર કાઉન્સિલમાં સુરતને લગતા પ્રશ્નોનાં નિરાકરણ માટે તત્પર હોય તેવા વકીલોને આગળ કરવા જોઈએ.

### એકતા નહીં થાય તો 'એકડો' નીકળી જશે: એડ્વોકેટ નીલકંઠ બારોટ

જીતવા માટે માત્ર લોકપ્રિયતા નહીં, પરંતુ સંગઠન અને એકતા જરૂરી છે. સુરતમાં એકતા ન બનશે તો 'એકડો' નીકળી જવાનું જોખમ વાસ્તવિક છે.

### ગત ચૂંટણીમાં પાંચમાંથી ચારની જીત થઈ હતી

ગત ગુજરાત બાર કાઉન્સિલની યોજાયેલી ચૂંટણીમાં સુરતમાંથી પાંચ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. જે પૈકી આર એન પટેલ, હિતેશ પટેલ, આર જી શાહ, જીતુ ગોળવાલાએ જીત મેળવી સુરતનું પ્રતિનિધિત્વ કર્યું હતું

### જીતવા માટે 1500 એકડાની જરૂરિયાત: એડ્વોકેટ અશ્વિન જોગડિયા

ઉમેદવારે બીસીજીની ચૂંટણીમાં વિજેતા થવા માટે લગભગ ૧૫૦૦ એકડાની જરૂર પડશે. બીજી બાજુ સુરતમાં સંભવિત ૨૦ જેટલાં દાવેદારોના નામો વકીલોના ગ્રુપમાં ફરી રહ્યા છે. માર્ચ માસમાં આવનારી ચૂંટણીમાં અંદાજે ૫૦૦૦ જેટલા વોટિંગની આશા હોવાથી વધુ ઉમેદવારી સુરતમાંથી થાય તો તમામ માટે જીતવું અઘરૂ છે.

### તમામ ચૂંટણી લડશે તો સુરતનો એકપણ નહીં ચુંટાય: કલ્પેશ દેસાઈ

દરેક પોતપોતાની દાવેદારી જાળવી રાખશે તો સુરતના મત તૂટશે અને અંતે સુરતનો એકપણ પ્રતિનિધિ ચૂંટાઈ ન આવે, એવી સ્થિતિ સર્જાઈ શકે છે. જેથી બને ત્યાં સુધી સમાધાન કરીને સંયુક્ત ઉમેદવાર ઉભો કરવામાં આવે તો જીત શક્ય બને તેમ છે તેવું તેમ એડવોકેટ કલ્પેશ દેસાઈએ જણાવ્યું હતું.

### સુરતમાંથી કયા કયા વકીલો ચૂંટણી લડે તેવી સંભાવના છે ?

ગુજરાત બાર કાઉન્સિલની ચૂંટણી લડવા માટે સુરતનાં કથિત ઉમેદવારોના નામ વકીલોનાં વોટ્સ અપ ગ્રુપમાં ફરી રહ્યં છે. તેમજ કેટલાંક ઉમેદવારો સોશ્યલ મીડિયા પર પ્રચાર કરી રહ્યં છે. ચૂંટણી લડવા માટે સુરતમાંથી ઝકી મુખતિયારભાઈ શેખ, નસીમજી કાદરી, આશિષ જાગાણી, ટર્મિસ કણીયા, હિતેશભાઈ પટેલ, ભાવેશ રબારી, પ્રજ્ઞેશ સૈરૈયા,ઘનશ્યામભાઈ વાઘાણી, દીપકભાઈકોકસ, હરેશભાઈ મનજીભાઈ નાકરાણી, મહેન્દ્રભાઈ પટેલ, કુમાર એલ. રામનાણી, બળવંત સુરતી, સી.આર. બાવીસ્કર, નરેન્દ્ર સોરઠિયા, સંજય ધોરાજીયા, કે એચ ગજેરા, રાજેશ ઠાકરીયા, વિરાજ સુર્વે સહિતના વકીલોનાં નામો ચર્ચાઈ રહ્ય છે. મહિલા ઉમેદવારમાં પ્રીતિબેન જોશી અને હિરલ કીરીટ પાનવાલાનાં નામ ચર્ચાઈ રહ્યં છે.

# સગરામપુરા હનુમાન શેરીના બંધ મકાનમાં આગ ભભૂકી ઊઠી

**મકાનમાં** બહારથી લોકોના ઈસ્ત્રી કરવા માટે લાવવામાં આવેલાં કપડાંનો મોટા ભાગનો જથ્થો બળીને ખાખ થઈ ગયો



સુરતઃ સગરામપુરા હનુમાન શેરીના એક બંધ મકાનમાં ગઈ કાલે રાત્રે આગે જોતજોતામાં વિકરાળ સ્વરૂપ ધારણ કરી લેતાં આજુબાજુના મકાનમાં રહેતા લોકોમાં ભાગદોડ મચી ગઈ હતી.

ગુરુવારે સગરામપુરા હનુમાન શેરીનાં મકાન નં.2-1422 રહેતા પ્રકાશભાઈ ચૌહાણ રાત્રે 9:15 કલાકે તેમનું મકાન બંધ કરી બહાર ગયા હતા. દરમિયાન અચાનક મકાનમાંથી ધુમાડો નીકળતો જોઈને આજુબાજુના લોકો દ્વારા આગ લાગ્યાની જાણ ફાયર કંટ્રોલ રૂમને કરવામાં આવતાં માન દરવાજા, મજૂરા અને નવસારી બજાર ફાયર બ્રિગેડનો કાફલો ઘટના સ્થળે પહોંચી ગયો હતો. મજૂરા ફાયર સબ ઓફિસર અભિષેક ગઢવીના જણાવ્યા મુજબ જે મકાનમાં આગ લાગી હતી, તેમાં કપડાંને ઈસ્ત્રી કરવાનું કામ કરવામાં આવી રહ્યું હતું. આગ કપડાંમાં લાગી હોવાને કારણે ધુમાડો પણ ખૂબ જ મોટા પ્રમાણમાં ઊઠ્યો હતો. આગે પ્રચંડ સ્વરૂપ ધારણ કરી લેતાં ફાયર બ્રિગેડના જવાનો આગ ઓલવવા માટે બીએસએફના માસ્ક પહેરીને મકાનમાં પ્રવેશ્યા હતા. ફાયરની ટીમે સતત પાણીનો મારો ચલાવ્યો હતો અને આગ અંદાજે દોઢેક કલાકમાં કાબૂમાં આવી હતી.

આગમાં ઈસ્ત્રી માટે રાખવામાં આવેલો કપડાંનો મોટા ભાગનો જથ્થો, ફર્નિચર અને લાકડાંનો કબાટ બળીને ખાખ થઈ ગયો હતો. મકાન બંધ હોવાને કારણે કોઈ જાનહાનિ થઈ ન હોવાનું પણ ફાયર બ્રિગેડનાં સૂત્રોએ જણાવ્યું હતું.

# ટ્રેનના મુસાફરોને રંજાડતી સાંસી ગેંગ સામે ગુજસીટોક

**સાંસી** ગેંગ દ્વારા કુલ ૧૯ જેટલા ગુનાઓ આચરવામાં આવ્યા હતા, રેલવે પોલીસે પાંચને દબોચી જેલભેગા કર્યા છે

સુરતઃ રેલવે મુસાફરોને નિશાન બનાવતી આંતરરાજ્ય 'સાંસી ગેંગ' વિરુદ્ધ સુરત રેલવે પોલીસે ગુજસીટો કનો ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પશ્ચિમ રેલવે વડોદરા અને અમદાવાદ યુનિટના અલગ-અલગ પોલીસ સ્ટેશનોમાં મુસાફરોની માલમત્તાની ચોરીના અનેક બનાવો બનતા હતા. એલ.સી.બી. વડોદરા દ્વારા આ મામલે ઊંડાણપૂર્વક તપાસ હાથ ધરતા સામે આવ્યું કે, હરિયાણાની 'સાંસી ગેંગ' દ્વારા સંગઠિત રીતે ગુજરાતમાં કુલ ૧૯ જેટલા ગુનાઓ આચરવામાં આવ્યા છે. આ ટોળકીના સભ્યો તાજેતરમાં સુરત રેલવે પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ચોરીના એક ગુનામાં પકડાયા હતા. ગેંગની ગુનાહિત પ્રવૃત્તિઓની ગંભીરતાને ધ્યાને રાખી, ઉચ્ચ અધિકારીઓના માર્ગદર્શન હેઠળ આ ટોળકી વિરુદ્ધ ગુજસીટોકની કલમ ૩(૧)(૨), ૩(૨) અને ૩(૪)નો ઉમેરો કરવામાં આવ્યો છે.

આ ગેંગનો સૂત્રધાર રાજબિરસિંગ ઉર્ફે રાજવીરસિંગ ઓમપ્રકાશ સાંસી છે. પોલીસ દ્વારા હાલમાં પાંચ આરોપી રાજબિરસિંગ, મેનપાલ ઉર્ફે ટેની, સન્ની ઉર્ફે ગની, જગદીશચન્દ્ર અને સતબીરની ધરપકડ કરવામાં આવી છે અને તેઓ હાલ અમદાવાદ જેલ ખાતે છે. આ ઉપરાંત, સુનિલ સાંસી, રવિસિંગ સાંસી અને મીન્ટુ સાંસી નામના ત્રણ આરોપીઓને વોન્ટેડ જાહેર કરી તેમને પકડી પાડવા ચક્રો ગતિમાન કર્યા છે.

# વીજબિલ અપડેટના નામે 1.19 લાખની ઓનલાઈન ઠગાઈ

સુરતઃ મૂળ ઉત્તર પ્રદેશના વતની અને હાલ સચિનના શિવનગર ખાતે રહેતા અને કાપડના વ્યવસાય સાથે સંકળાયેલા રિતેશકુમાર સિંગને ગત 5મી ડિસેમ્બરના રોજ મોબાઈલ પર એક મેસેજ આવ્યો હતો. જેમાં લખ્યું હતું કે, "તમારું વીજ બિલ અપડેટ થયું નથી, તેથી આજે રાત્રે 9:30 કલાકે તમારું વીજ કનેક્શન કાપી નાંખવામાં આવશે." આ સાથે એક મોબાઈલ નંબર પર સંપર્ક કરવા જણાવાયું હતું. વેપારીએ તે નંબર પર ફોન કરતા ગઠિયાએ પોતાની ઓળખ વીજ ઓફિસર તરીકે આપી હતી. તેણે 'કવિક સપોર્ટ' (Quick Support) નામની એપ્લિકેશન ડાઉનલોડ કરાવી 10 રૂપિયાનું ટ્રાન્ઝેક્શન કરવાનું કહી વેપારીના ડેબિટ કાર્ડની વિગતો મેળવી લીધી હતી. વેપારીએ 10 રૂપિયાનું પેમેન્ટ કરવા માટે પ્રક્રિયા કરી, તે સાથે જ ગઠિયાએ વેપારીના બેંક ખાતામાંથી રૂ. 1,19,410 ઉડાવી દીધા હતા.

# પ્રદેશ ભાજપના નવા મહામંત્રી કોરાટની રાજકીય મુલાકાતથી ચર્ચા

**પૂર્વ** શહેર ભાજપ પ્રમુખ નીતિન ભજીયાવાલાના ઘરે ગયા અને તેમનાં માતુશ્રીના નિધન બદલ સાંત્વના પાઠવી

**થોડા** સમય પહેલા ભાજપના પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્મા પણ નીતિન ભજીયાવાળાના ઘરે ગયા હતા




સુરતઃ શહેરની મુલાકાતે આવેલા ભાજપના પ્રદેશ મહામંત્રી પ્રશાંત કોરાટ આજે પૂર્વ શહેર ભાજપ પ્રમુખ નિતીન ભજીયાવાલા ઘરે પહોચ્યા હતા. ભજીયાવાલાના માતૃશ્રીના નિધન સમયે તેઓ આવી શક્યા ન હોવાથી આજે ભજીયાવાલાના ઘરે જઈ તેમના પરિવારજનોને મળીને સાંત્વના પાઠવી હતી. કતારગામના ધારાસભ્ય અને પૂર્વ મંત્રી વિનોદ મોરડીયા પણ તેમની સાથે જોડાયા હતા. પ્રદેશ મહામંત્રીની આ મુલાકાતને લઈને ભાજપની છાવણીમાં અનેક ચર્ચાઓ ઉઠવા પામી છે.

સુરત શહેર ભાજપના પૂર્વ પ્રમુખ નિતીન ભજીયાવાલાની માતૃશ્રીનું થોડા સમય પૂર્વે નિધન થયું હતું. પ્રદેશ ભાજપના નવનિયુક્ત મહામંત્રી પ્રશાત કોરટ સાથે નિતીન ભજીયાવાલાના પારીવારીક સંબધો હોવાથી આજે પ્રશાંત કોરાટ નિતીન ભજીયાવાના ઘરે પહોંચ્યા હતા અને પરીવારના સભ્યોને મળીને સાંત્વના પાઠવી હતી.

ભાજપના પૂર્વ શહેર પ્રમુખ નિતીન ભજીયાવાલા ઘરની મુલાકાત સામાજીક કારણોસર હતી, પરંતુ હાંસિયામાં ધકેલાઇ ગયેલા જૂના કાર્યકરોના ઘરે પ્રદેશ મહામંત્રીની વિઝીટને પગલે ભાજપની છાવણીમાં ચર્ચાનો દોર શરૂ થયો છે. થોડા સમય પૂર્વે પ્રદેશ ભાજપ પ્રમુખ જગદીશ વિશ્વકર્માએ પણ નિતીન ભજીયાવાલાની મુલાકાત લીધી હતી.

# ચીલઝડપ કરી દાગીના જલગાંવમાં વેચી દેનાર બે રીઢા સ્નેચર ઝડપાયા

**રિક્ષામાં** જતા દંપતીને નિશાન બનાવી મોપેડ સવાર લુંટારુઓ પર્સ ખેંચી ફરાર થઈ ગયા હતા



સુરતઃ ભેસ્તાનમાં વિસ્તારમાં ઉત્તરાયણ પૂર્વે દંપતીને નિશાન બનાવી પર્સની ચીલઝડપ કરનાર બે રીઢા ગુનેગારોને ભેસ્તાન પોલીસે ગણતરીના દિવસોમાં દબોચી લીધા હતા. આરોપીઓએ લૂંટેલા સોનાના દાગીના મહારાષ્ટ્રના જલગાંવમાં જ્વેલર્સને ધંધામાં નુકસાન થયું હોવાથી ઘરના દાગીના વેચવાનું બહાનું બતાવી વેચી દીધા હતા. પોલીસે આરોપીઓ પાસેથી ૬૫ ગ્રામ સોનું રિકવર કર્યું છે.

૧૩/૧/૨૦૨૬ના રોજ એક દંપતી રેલવે સ્ટેશનથી રિક્ષામાં બેસી ભેસ્તાન પરત જઈ રહ્યું હતું. દરમિયાન નવજીવન હોન્ડાના શો-રૂમ પાસે મોપેડ પર આવેલા બે અજાણ્યા બદમાશોએ ચાલુ રિક્ષામાં પત્નીના હાથમાંથી પર્સની ચીલઝડપ કરી હતી. આ પર્સમાં ૧૦૭ ગ્રામ સોનાના દાગીના, ચાંદીનો સિક્કો અને રોકડા રૂ.૧૫,૦૦૦ મળી કુલ રૂ. ૪.૪૬ લાખની મતા હતી. જે અંગે ભેસ્તાન પોલીસ મથકમાં ફરિયાદ નોંધાઈ હતી.

પોલીસે ૧૫૦ જેટલાં સીસીટીવી ફૂટેજ તપાસ્યાં હતાં. બાતમીદારો અને હ્યુમન ઈન્ટેલિજન્સની મદદથી પોલીસે મોઈન ઉર્ફે બોબડા પઠાણ (રહે.,સિદ્દીકીનગર, ઉન, મૂળ-મહારાષ્ટ્ર) અને ખાલિદ ઉર્ફે ભાંજા સૈયદ (રહે.,ભેસ્તાન આવાસ, મૂળ-મહારાષ્ટ્ર)ને ઝડપી પાડ્યા હતા.

પોલીસ પૂછપરછમાં આરોપીઓએ કબૂલાત કરી હતી કે તેમણે ચોરી કરેલા દાગીના જલગાંવ (મહારાષ્ટ્ર) ખાતે 'નંદુરબાર કર સરફા' નામની દુકાનમાં વેચી દીધા હતા. આરોપીઓએ જ્વેલરને એવું જણાવ્યું હતું કે, તેમને ધંધામાં નુકસાન થયું હોવાથી ઘરના દાગીના વેચે છે. પોલીસે આરોપીઓ પાસેથી ૬૫ ગ્રામ સોનું રિકવર કર્યું છે. પકડાયેલા મોઈન ઉર્ફે બોબડા સામે અગાઉ ચોકબજાર, ખટોદરા અને ડિંડોલી પોલીસ સ્ટેશનમાં ચોરી, ચીલઝડપ અને ગંભીર ઈજા પહોંચાડવાના ૫ જેટલા ગુના નોંધાયેલા છે. જ્યારે ખાલિદ સૈયદ સામે પણ ડિંડોલીમાં મારામારીનો ગુનો નોંધાયેલો છે. હાલ ભેસ્તાન પોલીસે બંને આરોપીની વધુ પૂછપરછ હાથ ધરી છે.

## સંક્ષિપ્ત સમાચાર

### જી.ડી. ગોયન્કા સ્કૂલે ચાર વર્લ્ડ અને નેશનલ રેકોર્ડ એવોર્ડ પ્રાપ્ત કર્યા



સુરતઃ જી.ડી. ગોયન્કા ઇન્ટરનેશનલ સ્કૂલ, સુરતે ઓક્ટોબર 2025માં આયોજિત તેના ભવ્ય એન્યુઅલ ફંક્શન દ્વારા એક ઐતિહાસિક સિદ્ધિ પ્રાપ્ત કરી છે. શાળાએ આ ભવ્ય સાંસ્કૃતિક મહોત્સવ માટે ચાર પ્રતિષ્ઠિત વર્લ્ડ અને નેશનલ રેકોર્ડ એવોર્ડ્સ જીત્યા, જેમાં 1600થી વધુ વિદ્યાર્થીઓની વિશાળ ભાગીદારી જોવા મળી. આ મહા કાર્યક્રમમાં થિયેટર, સંગીત, નૃત્ય, વાર્તાકથન અને વિઝ્યુઅલ આર્ટ્સનો અદ્ભુત સમન્વય રજૂ થયો હતો. શાળાની આ અનન્ય સિદ્ધિને● યુએન બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ, ફોર્બસ બૂક ઓફ વર્લ્ડ રેકોર્ડ્સ, ઈન્ટરનેશનલ બૂક ઓફ રેકોર્ડ્સ તેમજ ઈન્ડિયા બૂક ઓફ રેકોર્ડ્સમાં નોંધવામાં આવી છે.

### 1 વર્ષ અને 9 મહિનાની 'ઝીનોબિયા'એ હસ્તગત કર્યો ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડ




સુરતઃ રાંદેર રોડ પર રહેતી 1 વર્ષ 9 મહિનાની ઝીનોબિયા અફફાન પટેલને નાની હતી ત્યારથી જ ટ્રેનિંગ અપાઈ હતી અને તેને કારણે તે કાલીઘેલી ભાષામાં જ અંગ્રેજીમાં 1થી 10 બોલતી થઈ, ટ્વીન્કલ ટ્વીન્કલ લીટલ સ્ટાર ગાતી થઈ. ચારથી વધુ પ્રાણીઓના અવાજ પણ બોલતી થઈ. ચાર ઈંગ્લીશ નર્સરી રાઈમ્સ અને અંગ્રેજી આલ્ફાબેટ લેટર ઓળખતી થઈ ગઈ. આવા વીડીયો ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડમાં દર્જ થયા અને ઝીનોબિયાને 11 ઓગષ્ટ 2025ના રોજ ઈન્ડિયા બુક ઓફ રેકોર્ડથી નવાજેશ કરવામાં આવી હતી. માતા શબા આ મામલે કહે છે કે, ચાર-પાંચ મહિનાની હતી ત્યારથી જ ઝીનોબિયા ઘણાં શબ્દો પકડવાની કોશિશ કરતી. તેની વ્યક્તિ ઓળખવાની ક્ષમતા, કોઈનું પણ અનુકરણ કરવાની અને સચોટ જવાબ આપવાની રીતને અમે તેની કાબેલિયતમાં તબ્દીલ કરી અને અમને પરિણામ મળ્યું. અમને અમારી દીકરી પર ગર્વ છે.

### સમસ્ત લેઉવા પટેલ કાપડિયા પરિવારનું ૩૧મુ સ્નેહમિલન યોજાયું



સુરત : સમસ્ત લેઉવા પટેલ કાપડિયા પરિવાર દ્વારા આયોજિત ૩૧મો સ્નેહમિલનન સમારોહ સફળતાપૂર્વક સંપન્ન થયો હતો. સમારોહમાં મુખ્ય અતિથિ તરીકે મથુરભાઈ સવાણી, વિશેષ આમંત્રિત મહેમાન તરીકે મનીષભાઈ કાપડિયા, ડો.ભરતભાઈ કાપડિયા, ડો.મુકેશભાઈ કાપડિયા તેમજ આધ્યાત્મિક માર્ગદર્શન માટે પૂજ્ય સંત જેરામબાપુની ઉપસ્થિતિ રહી હતી. પ્રતિભાશાળી વિદ્યાર્થીઓ અને સમાજમાં નોંધપાત્ર યોગદાન આપનાર વ્યક્તિનું સન્માન કરી તેમને પ્રોત્સાહન આપવામાં આવ્યું હતું. આ સફળ કાર્યક્રમ માટે પરિવારના પ્રમુખ ભરતભાઈ કાપડિયા, ઉપપ્રમુખ વિપુલભાઈ કાપડિયા, મંત્રી રવિભાઈ કાપડિયા તથા સમગ્ર કાર્યકારિણી સમિતિ, સ્વયંસેવકો અને સહયોગીઓનો હાર્દિક આભાર વ્યક્ત કરવામાં આવ્યો હતો.

### અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ આયોજિત અગ્રવાલ પ્રીમિયર લીગ-17નું ઉદઘાટન

સુરતઃ અગ્રવાલ વિકાસ ટ્રસ્ટ દ્વારા અગ્રવાલ પ્રીમિયર લીગ-17ની શરૂઆત શુક્રવારે અલથાણ સ્થિત બી.જે. પટેલ ક્રિકેટ ગ્રાઉન્ડ પર સવારે સાડા સાત વાગ્યે કરવામાં આવી હતી. ડે-નાઈટ ફોર્મેટમાં આ ટુર્નામેન્ટમાં કુલ 12 સિનિયર ટીમો અને 3 અંડર-16 ટીમો ભાગ લઈ રહી છે. તમામ મેચ ટેનિસ બોલથી રમવામાં આવશે. ટુર્નામેન્ટની ફાઈનલ મેચ રવિવારે રમાશે. ટુર્નામેન્ટના ઉદ્ઘાટન પ્રસંગે અગ્રવાલ વિકાસ ટ્રસ્ટના પ્રમુખ પ્રમોદ પોદ્દાર, સંજય સરાવગી, અનિલ શેરોવાલા, રાજીવ ગુપ્તા, રાહુલ અગ્રવાલ, શશીભૂષણ જૈન, રમેશ અગ્રવાલ, પ્રમોદ કંસલ, દિનેશ અગ્રવાલ ઉપસ્થિત રહ્યા હતા.

### રૂંઢ-મગદલ્લાના તાપી કિનારેના આશાપુરી મંદિરનો 25મીએ પાટોત્સવ ઉજવાશે

સુરતઃ રૂંઢ-મગદલ્લાના તાપી કિનારે શિંગોતર, આશાપુરી મંદિર ખાતે આગામી તા.25મી જાન્યુ.ના રોજ રવિવારે ૩૮મો પાટોત્સવ ઉજવાશે. મંદિરના સંચાલક અને ટ્રસ્ટીગણ સાથે સંદીપભાઈ અને આશિષભાઈ પટેલે જણાવ્યું હતું કે, જેમને સંતાન નથી તેઓ અહીં સંતાનપ્રાપ્તિની પ્રાર્થના કરવા આવે છે, પાટોત્સવના દિવસે ભંડારો પણ મોટા પ્રમાણમાં થાય છે. અત્રે યાદ રહે કે અહીં નવદંપતી તેમજ નિઃસંતાન યુગલો માનતા પૂરી થાય ત્યારે અહીં દર્શન કરવા તેમજ મનોકામના પૂર્ણ કરવા આવે છે. સાથે સાથે કાંઠા વિસ્તારના ગામોમાંથી મોટી સંખ્યામાં ભક્તો અને ગામજનો ઢોલ ત્રાંસા નગારા સાથે ધ્વજા ચડાવવા આવે છે.

### વકીલમંડળ દ્વારા એડ્વોકેટ ઓપન ચેસ ચેમ્પિયનશિપનું આયોજન

સુરતઃ સુરત જિલ્લા વકીલ મંડળ દ્વારા રાજય સ્તરે ઓલ ગુજરાત એડવોકેટ ઓપન ચેસ ચેમ્પિયનશિપનું આયોજન તારીખ : ૧૪/૦૨/૨૦૨૬ અને ૧૫/૦૨/૨૦૨૬ ના રોજ કરવામાં આવ્યું છે. આ ચેસ ચેમ્પિયનશિપ સમગ્ર ગુજરાતનાં વકીલો માટે વિના મૂલ્યે રમાડવામાં આવશે. જે જિલ્લાનાં વકીલ ચેસ ચેમ્પિયનશિપમાં ભાગ લેવા માંગતા હોય, તેઓએ ઉપપ્રમુખ સંજય જે. પટેલ, એડવોકેટ નિલેશ જે. પટેલનો સંપર્ક કરવા એક યાદીમાં જણાવવામાં આવ્યું છે.

### શ્રી કુરુક્ષેત્ર સ્મશાનભૂમિ ટ્રસ્ટને 50-50 હજારનું દાન મળ્યું

સુરતઃ કુરુક્ષેત્ર સ્મશાન ભૂમિ ટ્રસ્ટને સ્વ. દેવચંદભાઇ સોમાભાઇ પટેલની ૧૭મી પૂણ્યતિથિ નિમિત્તે શાંતિલાલભાઇ દેવચંદ પટેલ તથા ધનસુખભાઇ દેવચંદ પટેલ તરફથી રૂપિયા ૫૦૦૦૦ તથા ભરતભાઇ પટેલ, જહાંગીરાબાદ તરફથી પણ રૂપિયા ૫૦૦૦૦ના દાનનો ચેક ટ્રસ્ટના પ્રમુખ કમલેશભાઈ સેલરને આપવામાં આવ્યો હતો. આ પ્રસંગે દાતાશ્રીઓને સન્માનિત કરી સંસ્થા વતી દાતાઓનો આભાર માન્યો હતો.

### નારીની સુરક્ષા, સત્ત્વ અને શૌર્યના જાગરણ માટે મોટિવેશનની જરૂર છે: પ્રેમદર્શનસૂરિજી



સુરતઃ ઘોડદોડ રોડ સ્થિત શ્રી મહાવીર જૈન વિદ્યાલય કન્યા છાત્રાલયમાં શ્રી વાસુપૂજ્યસ્વામીની પહેલી અને વાસ્તુ લકઝરીયા સ્થિત શ્રી મુનિસુવ્રત સ્વામી જિનાલયની 12મી સાલગિરિની ઉજવણી જૈનાચાર્ય પદ્મદર્શનસૂરિજી મહારાજ આદિ શ્રમણ ભગવંતની પાવન નિશ્રામાં રંગેચંગે સંપન્ન થઇ હતી. આ. પ્રેમદર્શનસૂરિજી મહારાજે કન્યા છાત્રાલયની સરાહના કરતાં જણાવ્યું કે; શિક્ષણ અને સંસ્કાર ક્ષેત્રે દિકરીઓ ખૂબ પ્રગતિ કરે એ જરૂરી છે. આ સંકુલમાં કોઇ પણ જેન્ટ્સને એન્ટ્રી નથી. સિક્યોરિટી તરીકે પણ લેડીઝ જ છે. જૈન કન્યા છાત્રાલય આવી એક નહીં પણ દરેક જગ્યાએ હોવી જોઇએ.